## જન્મદિને વધામણી


કુસુમબેન જે. ગાંધી
ફોન : ૨૩૨૨૨૭૭૦


રમણલાલ શાંતિલાલ ઠક્કર
ફોન : ૨૩૨૨૯૭૦૨


દિલીપ આર ગજ્જર
(૧૧-૮-૧૯૭૧) સિનિ.સબ-એડીટર
માહિતી ખાતું, ગાંધીનગર


કાંતિલાલ શંકરલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩


બિલકીશબેન હિરાણી
મો. ૯૮૭૯૦ ૬૨૦૨૬


સૃષ્ટિ જે તન્ના
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦


તન્વી જિતેન્દ્ર પાંડે

# રાજભવન ખાતે રક્તદાન





રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલીના જન્મદિવસ નિમિત્તે મંગળવારે રાજભવન ખાતે રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશાં અગ્રેસર એવી કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન વિવિધ કૉલેજમાંથી કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને રક્તદાન કરી પોતાની સામાજિક જવાબદારી અદા કરી હતી. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા સંસ્થાના અધ્યાપક પ્રા. સમીર પંડ્યા, પ્રા. ડૉ. ધર્મેન્દ્ર પંટેલ, પ્રા. પારૂલ અત્તરવાલા અને પ્રા. મિત્તલબેન ઉપસ્થિત રહ્યા હતાં અને તેમણે પણ રક્તદાન કર્યું હતું.

# શહેર ઝોનની રમતગમત સ્પર્ધામાં સૅ. ૧૩ની તક્ષશિલા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર ઝોન સી વ્યાયમ મંડળ સંચાલિત રમતગમત સ્પર્ધામાં તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કરી વિજેતાપદ મેળવ્યું હતું.

૧૫૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદમાં હરેશ ભરતભાઈ કંટારિયાએ પ્રથમ ક્રમ, હથોડા ફેંકમાં પ્રશાંત બ્રિજકુમાર ત્રિવેદીએ પ્રથમ ક્રમ, ૪૦૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦૦ મીટર દોડ તથા વિઘ્નદોડમાં અસ્લમ રઝાકભાઈ સોઢે પ્રથમ ક્રમાંક, ૧૦૦ મીટર દોડ, ૮૦ મીટર વિઘ્નદોડ, લાંબી કૂદમાં નિલેશ મનજીભાઈ બાવણીયાએ પ્રથમ ક્રમ તથા યુવા વિકાસ અને હળવું કંઠ્ય ગાન સ્પર્ધામાં કિંજલ કે ઝાલાએ દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા

# મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૧

મહિલા સશક્તિકરણ પાક્ષિક અંતર્ગત અખિલ ભારતીય સામાજીક સુરક્ષા દ્વારા સંકટ મોચન, રાષ્ટ્રીય કુટુંબ સહાય અને વિધવા સહાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શર્મિષ્ઠાબેન દવે દ્વારા બહેનોને પ્રોત્સાહન પુરૂ પાડી સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત બહેનોને આર્થિક પગભર થઈ હિંમતવાન બનવા માટે પ્રેરણા પુરી પાડી હતી. તેમજ બહેનોએ તેમને મુંઝવતા પ્રશ્નો રજુ કર્યા હતા. આ પ્રસંગે મહેમાનોના વરદ્ હસ્તે પીંપળજ નિવાસી કાન્તાબેન રાવળને રાષ્ટ્રીય કુટુંબ સહાય ૨૦ હજાર રૂપિયા તથા પારૂલબેન પરમાર અને બીનાબેનને વિધવા સહાય પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારી મનોજબેન બલાત, જિલ્લા પ્રોગ્રામ અધિકારી છાયાબેન ઉપાધ્યાય, મિનાક્ષીબેન પટેલ અને વી.પી. સોંયકર ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્થાની બહેનો ડૉ. ચેતના બુચ, મંજુલાબેન ભલગામી, જયશ્રીબેન ખેતિયા, સરોજબેન ગોસાઈ, દક્ષાબેન સોલંકી, વિમળાબેન યયાચી, ચંદાબેન ધોળકીયા અને ભારતીબેન ભાવસારે સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રદિપભાઈ પરમારે કર્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૯.૪૫

**સ્ક્રીન-૨**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૩.૩૦, ૧૦.૦૦
ઢીશૂમ
૧.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
ધી બીએફજી (૩ડી-હિન્દી)
૧૨.૩૦
જેસન બૉર્ન (૩ડી-અંગ્રેજી)
૨.૪૫, ૭.૩૦, ૧૦.૦૦
જેસન બૉર્ન (૩ડી-હિન્દી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
સવારે ૧૦.૦૦
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૧.૦૦, ૭.૦૦
સુલતાન
૪.૦૦
ફિવર
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૧૨.૩૦, ૬.૩૦
ઢીશૂમ
૩.૪૫
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૯.૩૦

## ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓર્કિટેકચર, નિરમા યુનિવર્સિટી દ્વારા

# અન્ડર ગ્રેજ્યુએટ થિસીસ એવાર્ડનો આજથી પ્રારંભ

### ૩ દિવસના શોમાં આર્કિટેકટ ક્ષેત્રની વેસ્ટ ઝોનની શ્રેષ્ઠ પ્રતિભાઓ પસંદ કરાશે અને ખાસ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ઈન્સ્ટિટ્યુટ આર્કિટેકચર એન્ડ પ્લાનિંગ, નિરમા યુનિવર્સિટી દ્વારા આ વર્ષે તેના સ્થાપના દિનની ઉજવણીમાં મહત્વનાં સિમાચિન્હો હાંસલ કરાશે. આ ઉજવણી પ્રસંગે



સંસ્થાને બે વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. ડિઝાઈન ક્ષેત્રે પ્રાઈમ હબ ગણાતી આ સંસ્થાને વેસ્ટર્ન ઝોન માટેનો થિસીસ એવાર્ડ પ્રોગ્રામ ૨૦૧૫-૧૬ યોજવાનું બહુમાન પ્રાપ્ત થયું છે. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન આર્કિટેકચરની આ સિગ્નેચર ઈવેન્ટ ગણાય છે.

ઈન્સ્ટીટ્યુટ એ કાઉન્સિલ ઓફ આર્કિટેકચર (સીઓએ)નું એકેડેમિક યુનિટ અને સીઓએ અને સેન્ટર ફોર ડેવલપમેન્ટલ સ્ટડીઝ એન્ડ એક્ટિવીટીઝ (સીડીએસએ) દ્વારા સંયુક્ત પણે રચાયેલી આ વિદ્યાશાખની આ પ્રથમ સંસ્થા છે. તે આર્કિટેકચર ક્ષેત્રના શિક્ષકો, પ્રોફેશનલ્સ તથા વ્યક્તિઓને માર્ગદર્શન આપે છે. એવાર્ડ પ્રોગ્રામ ફોર એકસેલન્સ ઈન આર્કિટેકચરલ થિસીસ એ આ ક્ષેત્રની પ્રતિભા શોધવા માટેનો મહત્વનો સમારંભ છે.

આ વર્ષ વેસ્ટર્ન ઝોનની પસંદગી પ્રક્રિયા ૧૧ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ, ૨૦૧૬ એમ ત્રણ દિવસની રહેશે. એક વિશિષ્ઠ પ્રદર્શનનું આયોજન કરાશે અને એમાં નિરમા તથા અન્ય યુનિવર્સિટીના હાલના અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કામગીરી પ્રદર્શિત કરાશે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન અને ફાઉન્ડેશન ડેની ઉજવણીમાં પદ્મશ્રી આર્કિટેક્ટ બી.વી.દોશી અને ગુજરાત સરકારનાં ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી મંજુલા સુબ્રમણ્યમ તથા જ્યુરીના પ્રતિષ્ઠિત સભ્યો હાજરી આપશે. આ પ્રદર્શન જાહેર જનતા માટે પણ ખુલ્લું રહેશે. તથા આર્કીટેકટસ, ડીઝાઈનર્સ અને વિવિધ સંસ્થાઓના ડિરેકટર્સ અને અગ્રણીઓ, ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓ પણ સામેલ થશે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ આર્કિટેકચર, ગુજરાત, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ટીરીટર ડિઝાઈન, ગુજરાત, બાંધકામ ક્ષેત્રના ૫૦૦ સ્ટુડન્ટસ અને ૨૦૦ ડિઝાઈનર્સ પણ આ વિશિષ્ટ કાર્યક્રમ દરમ્યાન હાજરી આપશે એમ ડિરેક્ટર ઉત્પલ શર્મા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ૧૪મીએ માતૃભાષા અભિયાન દ્વારા 'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

આપણી માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા અભિયાન' દ્વારા ચલાવતા પ્રકલ્પો પૈકી, આપણી જૂની પેઢી પાસે જે જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી ''દાદા-દાદીનો ઓટલો'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. દર મહિનાના બીજા અને ચોથા રવિવારે પરિમલ ગાર્ડન, શાંતિનિકેતન શાળા – વેજલપુર અને વસ્ત્રાપુર લેક ગાર્ડનમાં યોજવામાં આવે છે. માતૃભાષા ગુજરાતીનો બોલવા-લખવાં અને વાંચન વ્યવહારમાં વધુ પ્રચાર પ્રસાર થાય તથા જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે સંવેદિતા સર્જાય તેમજ બે પેઢી વચ્ચેનું અંતર ઓછું થાય તે હેતુથી ''દાદા-દાદીના ઓટલો'' યોજવામાં આવે છે.

ધોરણ ૨ થી ૮ સુધીના બાળકો માટે ''દાદા-દાદીનો ઓટલો'' તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૧૬ નાં રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમ્યાન યોજાશે, જેમાં દાદા-દાદીઓ દ્વારા બાળવાર્તા, રમતો, ગીતો તેમજ જ્ઞાન સાથે ગમ્મત મળે તેવા કાર્યક્રમ રજુ કરવામાં આવશે. સર્વે બાળકો અને વાલીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર એથ્લેટિકસ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાત્મા ગાંધી મંદિર સે-૧૬ ખાતે યોજાયેલી ગાંધીનગર જિલ્લાની એથ્લેટિકસ સ્પર્ધાઓમાં સે-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં અન્ડર-૧૭માં ચક્રફેંકમાં તથા ગોળા ફેકમાં સોલંકી ભાવિકાએ દ્વિતિય ક્રમ અને ૪૦૦ મી. દોડમાં શર્મા મનિષે દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે.

અન્ડર-૧૯માં બહેનોમાં વાઘેલા નેહલ ૧૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમે, વાઘેલા કોમલ ૨૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમે તથા વાઘેલા અંકિતા ૪૦૦ મી. દોડ, લાંબી કૂદ અને ચક્રફેંકમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. ભાઈઓમાં ૧૦૦ મી. દોડમાં સેનમા જય પ્રથમ ક્રમે, ૨૦૦ મી. દોડમાં વાઘેલા પ્રશાંત પ્રથમ ક્રમે, ૪૦૦ મી. દોડમાં ચાવડા સત્યજીત પ્રથમ ક્રમે, ૪૦૦મી. દોડમાં પ્રજાપતિ શૈલેષ પ્રથમ ક્રમે, ચક્રફેંકમાં પરમાર જીગર પ્રથમ ક્રમે તથા ઉંચી કૂદમાં વાઘેલા જયેન્દ્રએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. આ તમામ વિદ્યાર્થીઓને પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રી સાહેબે અભિનંદન પાઠવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ દાંડી કુટિરની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના કલાપ્રેમી વિદ્યાર્થીઓ માટે મહાત્મા ગાંધી મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન, મહાત્મા ગાંધી, ચરખો અને આશ્રમ વિષયે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં હોંશભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને દાંટી કુટિરના પ્રદર્શન હૉલની મુલાકાત પણ આપવામાં આવી હતી. શાળાના ચિત્રશિક્ષક રાજેન્દ્રભાઈ પટેલની રાહબરી અને આચાર્ય દશરથભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ થયો હતો.

# ઈ-વેસ્ટ કચરાના જોખમોથી સાવધ રહીએ

## ઘર-દુકાન કે કારખાનામાં ભેગા થયેલા ઈ-વૅસ્ટનો નિકાલ કરીએ

ટેલીફોન બાદ, ટેલેક્ષ, ફેસિમિલી-ફૅક્સ, કોડલેશ ફોન, આન્સરિંગ મશીન, વગેરેનો યુગ હવે નામશેષ રહ્યો છે. કમ્યૂનિકેશનમાં ઈ-મેઈલ, એસએમએસ, વૉસ્ટએપ, એફબી, વગેરેનું આક્રમણ આવશ્યક સેવા બનીને સ્માર્ટફોન મારફતે આંખના પલકારામાં સમગ્ર દુનિયાને જોડી રહ્યું છે. માનવ વિકાસ અને સમૃદ્ધિમાં ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓએ જમાવડો કર્યો છે. આ બન્ને પ્રકારના અદ્યતન સાધનો અને ઉપકરણોના નિત નવા મોડલોના બજારમાં ઢગલા ખડકાઈ રહ્યા છે.

આ ઈ-વૅસ્ટમાં રહેલા જોખમી અને ઝેરી પદાર્થો કચરામાં ભળીને પાણી પ્રદૂષણી પડકારરૂપ સમસ્યા સર્જે છે. જ્યારે આ ઈ-વૅસ્ટનો કચરો યેન-કેન પ્રકારે સળગાવાય છે, ત્યારે ભયંકર હવા પ્રદૂષણ થાય છે. હવે, 'ઈ-વૅસ્ટ'નો કાયદો ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધન-સામગ્રી બનાવનાર કંપની અથવા કારખાનાના કાયદા હેઠળના મેન્યૂફ્ચરર, ખરીદનાર છૂટક કે જથાબંધ ગ્રાહક, ઈ-વૅસ્ટ કલેક્શન સેન્ટર, વિક્રેતા, છૂટકવેચનાર કે ઈ-રિટેઈલર, વગેરે જેવા વેચાણ સંલગ્ન પ્રોડ્યૂસરને આ કાયદો લાગુ પાડ્યો છે.

ઈ-વૅસ્ટના વર્તમાન કાયદામાં, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સના નવા સાધનો અથવા તેના ભાગો અથવા કન્ઝુમેબલ્સ અથવા હિસ્સા-પુરજામાં જોખમી પદાર્થો જેવા કે, લૅડ (સીસું), મર્ક્યૂરી (પારો), હૅક્ઝાવેલેન્ટ ક્રોમીયમ, કેડમીયમ, પોલીબ્રોમીનેટેડ બાયફિનાઈલ્સ અને પોલીબ્રોમીનેટેડ ડાયફિનાઈલ ઈથર્સનો વપરાશ નિયંત્રિત કરવા, લૅડ (સીસું), મર્ક્યૂરી (પારો), હૅકઝાવેલેન્ટ ક્રોમીયમ, પોલીબ્રોમીનેટેડ બાયફિનાઈલ્સ અને પોલીબ્રોમીનેટેડ ડાયફિનાઈલ ઈથર્સ વધી ન જાય, તેની ખાતરી રાખવાની જવાબદારી આવી ચીજ-વસ્તુઓના પ્રોડ્યૂસરના માથે રાખી છે.

પરંતુ, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સની બિનજરૂરી ચીજ-વસ્તુઓ ઈ-વૅસ્ટના નવલા નામે નગરના કચરામાં સાથોસાથ, મોબાઈલ ફોન, કાનમાં સાંભળવાના લટકણિયા (પ્લગ અને વાયર), જુદાજુદા બેટરીના સેલ, નકામા ઈલેક્ટ્રિકલ કે ઈલેક્ટ્રોનિક્સ રમકડાં, વગેરે નકામી વસ્તુઓએ હવે ઘર-ઘરમાં કબાટ, ટેબલના ખાનાં-ડ્રોઅર્સ કે આડી-અવડી જગ્યાએ પગ પેસારો કરી રહેલ છે.

તેમાં વળી, જૂના બિન-ઉપયોગી કે બંધ હાલતમાં રેડિયો, વૉશિંગ મશીન, વીજળીના બલ્બ, ટ્યૂબલાઈટ તથા તેના ફિટિંગ્સ, તમામ ઈલેક્ટ્રિકલ સાધનો, ઉપકરણો, વાયર, ટેલીફોન, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર-કન્ડિશનર, સેન્ટ્રલાઈઝ્ડ ડેટા પ્રોસેસિંગ, મેઈનફ્રેમ્સ, નાના-મોટા તમામ કમ્પ્યૂટર્સ, પ્રિન્ટર (કાર્ટ્રિઝ સહિત), કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફૅક્સ મશીન, પ્લેઈન-કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, વગેરે સાધનોનો તેમજ તેમાં વપરાતા વિભિન્ન પુરજાઓ કે સમયાંતરે બદલાવેલા ભાગો ભવિષ્યમાં કામ લાગશે, તેવી જુનવાણીને અનુસરીને આ કચરાને કમને પણ ઘણા લોકો સંગ્રહ કરી રહ્યા છે. હકીકત એવી પણ છે કે, એક તરફ ઈ-વૅસ્ટના કચરાના જોખમોથી જાણકાર લોકો આ બલાથી છૂટકારો મેળવવા માંગે છે. બીજી તરફ ઈ-વૅસ્ટને કચરામાંથી કંચન મેળવી શકનાર અધિકૃત રિસાયકલર અને ડિસમેન્ટલર પણ છે. આ એજન્સિ ઈ-વૅસ્ટના કેટલાંક કચરાના દામ પણ આપે છે. મોટા એકમો કાયદાની જવાબદારી મુજબ તેઓનો ઈ-વૅસ્ટ નિકાલ કરી રહ્યા છે. જ્યારે, હાઉસહોલ્ડ કે ઘરમાં, દુકાનોમાં, ખાનગી ઓફિસોમાં, સરકારી કચેરીઓમાં ઉપરાંત નાના-મોટા કારખાના અને એકમોમાં જમાવટ કરી ચૂકેલ આવા જોખમી ઈ-વૅસ્ટના વ્યવહારૂ નિકાલ માટે અધિકૃત રિસાયકલરને ઘર આંગણે લાવીને એકાદ-બે દિવસનો જાહેર કાર્યક્રમ સ્વૈચ્છિક સંસ્થા યોજે અને આ કચરાને યોગ્ય ઠામમાં પહોંચતો કરવાનો કાર્યક્રમ થાય તેવી લોક માંગણી પણ થઈ રહેલ છે.



**- નરેશ ઠાકર**
nareshkthakar@gmail.com

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**